ॐ अर्हम् ॥

લગ્નોત્સવ ગીતાવલી.

અંગના બ્હેનના લગ્ન પ્રસંગે ભેટ

પ્રકાશક

નાનચંદ ભાઈચંદ કાપડીયા સુરત.

१

મંગળા ચરણ.

શ્રી આદિશ્વર દેવ સેવક તણાં વિઘ્નો સદા વારજો.
શ્રી શાંતિ પ્રભુ સર્વ સંપત દઇ માંગલ્ય ધીસ્તારજો.
શ્રી નેમીશ્વર દેવ આ ભવાદધિ વેગે કરી તારજો.
શ્રી પ્રાર્શ્વ પ્રભુ વીર એ મુઝ તણી વિનતિ સ્વીકારજો.

૨

પાર્શ્વ ચિંતામણી પ્રતિ મંગલાબેનની એક અરજ.

ત્રિભુવન વંદન જગદાનંદન, ચિદઘન સરૂપી તું દાતાર.
સિદ્ધ બુદ્ધ તું કર્મ નીકંદન, ધર્મ ધુરંધર તું કીરતાર.

સત્ય વાક્ય મુખમાંથી ઉચરવું, ધ્યાન પ્રભુનું નીશદીન ધરવું.
ધર્મ કર્મમાં અહોનીશ રમવું, પાપ કરતાં દીલથી ડરવું,
સૃષ્ટી સકળના નરવર નાયક પારસમણી તું છે જીનરાજ—ત્રિભુવન.

વિકટ વાટ ભવરણમાંરે ભમવું, દુઃખ દાવાનલથી નહિ ડરવું.
સંકટ સમયે ધીરારે બનવું, શરણુ એક શ્રી જીનજીનું કરવું.
દુઃખ નિવારક જગજન સજ્જન વામાનંદન પાર્શ્વકુમાર.—ત્રિભુવન.

પુજ્ય મ્હારાં માત પિતાને, વહાલી મારી કુટુંબ સમાજ.
જ્ઞાન દાતા ધર્મ ગુરૂએ સહુને, આપો સુખશાંતિ જીનરાજ,
શ્રી દીર્ઘાયુ જંપ અને વળી સૌભાગ્ય દ્યો પાર્શ્વ કુમાર—ત્રિભુવન.

તારક નરનાયક તું સ્વામી, સત્ય સહાયક આતમરામી,
આશરો એક છે અંતર જામી, રિપુજન રહેશે જખમારી.
મુઝ અબળાના દુઃખ સમયમાં સહાય થજો શ્રીપાર્શ્વ કુમાર–ત્રિભુવન.

૩

પુજ્ય વડીલોનો ઉપકાર ત્રોટક.

હતું જ્ઞાન નહિ અક્ષર તણું, મમમા બબ્બા હંમેશ ભણું,
શીખવ્યું જેને ભણતાં ગણતાં, શીખવ્યું જેને ગુંથતાં શિવતાં

શીખવ્યું જેતે ભરતાં રમતાં, શીખવ્યું જેતે વિનયો કરતાં,
પ્રણમું ને શિક્ષકને પ્રેમે, ઘો આશિષ મુઝને આજ તમે,
હતી બાળપણે નહિ સાન જરી, દુઃખ દીધાં છે મેં ઘડી અઘડી,
નહિ જોયાતાં દીન રાત લડી, મુઝને ઉછેરી મોટી કરી,
બદલો વળશે નહિ કોઇ રીતે, માતપિતાને પ્રણમું પ્રીતે,
મુઝ ભુલ તણી માફી આપો, શીખામણને આશિષ આપો.

૪

સતિનો શૃંગાર.

સદાયે શોભજે ધારી, શિયળ શૃંગાર મુઝ બેની ?
સફલ કરજે મહામોદે, મનુજ અવતાર મુઝ બેની ?
વૃથા છે હેમને હીરા, વૃથા પુખરાજને પન્ના;
અમિત આભુષણો માંહિ, શિયળ છે સાર મુઝબેની ?
સુગન્ધિ સેન્ટમાં શાની, અત્તરમાં છે નહિ એવી,
શિયળ કેરી સુગંધી તો, અચળ રહેનાર મુઝ બેની ?
જગતમાં મોહિની મંત્રો શિયળથી છે નહિ મોટા,
વિના યત્ને દીયે અર્પી, પતિનો પ્યાર મુઝ બેની ?
બનાવેલી સહુ શોભા, ક્ષણીક છે એ ખરૂં માનો,
શિયળનો શોભતો પહેરો, હૃદય પર હાર મુઝ બેની ?
જીવિત ભર દેવીયો જેવી, બને દુનિયા મહીં તેવી,
શિયળ છે અંતને વખતે, સ્વર્ગ દાતાર મુઝ બેની ?
શિયળના દેવની સેવા, કરશે જો સ્નેહ ધારીને,
નથી પછી કોઇ દેવોની, ખરે દરકાર મુઝ બેની ?

૫

મંગલાબેને કરેલી સાચાં ઘરેણાંની માંગણી.

(વષય વાત મહા માત તજીને કૃષ્ણ ભજન તું કરવા દે.)

સ્નેહ ધરીને આપો ઘરેણાં, સાચા જે ગૃહિણી મનના.

કનક ધરેણાં અન્ય બધાં તે, ભાર રૂપ છે આ તનના.
આપો વિનયની વાળી રૂપાળી, હેત હાર હૈયે ધરવા.
ચળકતી કર ચૂડી દાનની, ઉજ્વળ જશ જગમાં ભરવા.
કર્ણ ફુલ શુભ શ્રવણ તણાં દ્યો, મર્યાદા ઝાંઝર ચરણે,
કંઠી કંઠ મધુરતા કેરી, માંહિ ચાંદ શુભા ચરણે, સ્નેહ ધરી.
કમલ રૂપ કનકની વીંટી, કડીયો વળી શુભ કર્મ તણી,
શિયળ તણા સુંદર મને આપો, કોટી પુણ્યનો કેશ મણી, સ્નેહ.
સુઘડતાની કટી મેખલા, સદ્‌ગુણ સાંકળીમાં શોભે,
જ્ઞાન તણે વાળે ગુંથેલી, દયા દામણીથી મન લોભે, સ્નેહ.
પૂર્ણ મનોબળની મગમાળા, સેવા રૂપ છડા ચળકે,
ચતુરાઇની ચોરાસી માંહે, પ્રેમ તણું ચકદું ઝલકે. સ્નેહ.
માતા સાચા તેહ ઘરેણાં, થાય પહેરવા હોંશ ઘણી,
તે પહેરીને પ્રેમે ફરતં, પ્રસન્ન થાયે જગત્ ધણી, સ્નેહ.

૬

મંગલા બેનને શિખામણ.

બેની સાંભળ પેલી, કોયલડી તરૂ વૃન્દમાંરે (રાહ)

શાણી શુદ્ધ સ્નેહ સિદ્ધાંત સુત્રથી ચાલજે રે પતિવ્રત પાળજે રે
પતિદેવ પરમેશ પીછાણી, પ્રણય પ્રંથની અર્પી લ્હાણી,
સુંદર સુખકર સુખ સંસાર સુધારજે રે પતિવ્રત પાળજે રે
શિશુઓને શિક્ષાથી સુધારી, પર શિશુઓને પ્રેમે તારી,
શુદ્ધ સ્નેહને સરલ પંથમાં ચાલજે રે પતિવ્રત પાળજે રે
કષ્ટ કલેશ કુસંપ કપાવી, સ્નેહ સુનિતી સઘ સજાવી,
ગૃહમંદીર ગુણીયલ ગુણથી ગરજાવજે રે પતિવ્રત પાળજે રે
ઉચ્ચ ગુણે ગૃહરાજ્ય ગજાવી, લલના લાલચ પંથ લજાવી,
દિન દિન દુઃખીયાં દેશ બાલ ઉદ્ધારજે રે પતિવ્રત પાળજે રે.

વિમળ વૃત્તિ વિશ્વે વખણાવી, ભવિષ્ય ભારત ભાગ્ય ભણાવી,
વર્તમાનની વિપદ્ વાદળી ટાળજે રે પતિવ્રત પાળજે રે
કનક કાય કરમાઇ જવાની, ખિલેલી સૌ ફુના થવાની,
ગયો વખત લઇ સાર સમય સંભાળ જે રે પતિવ્રત પાળજે રે
માનવ જન્મ સફળ કરવાને, ભવ બંધન ભેદી તરવાને,
નાવ પતિનું નવ ભેખે અથડાવજે રે પતિવ્રત પાળજે રે
સર્વ પ્રાણીને સમાન ભાળી, દયા જ્ઞાનના પંથે વાળી,
માનવ જન્મ મહદ્ ફળ મોંઘું સાધજેરે-પતિવ્રત પાળજેરે.

૭

મંગળાબેનને શિખામણ.

બેની સાંભળ પેલી કોયલડી તરૂવૃન્દમાંરે (રાહ)

સખી સદાચાર પાળી સંસાર સુધારજેરે—લાજ વધારજે,
બેની શિયળ સુભુપણુ સજજે, પરનિંદા તજજે, પ્રભુ ભજજે.
પતિવ્રત પાળી ઉભય સુકુળ અજવાળજેરે—લાજ વધારજે,
વિનય વિવેક વડિલનો કરજે, વેર ઝેરને વાદ વિસરજે,
અધીક ઉણે સંતોષી રહી મન વારજેરે—લાજ વધારજે.
પતીની આવક જાવક ભાળી, ખર્ચ ખુટણુ કરજે સંભાળી,
હઠ કરી કાંઇ ન લઇશ નિજ મન મારજેરે—લાજ વધારજે.
જુઠી વાત ન મુખ ઉચ્ચરતી, પરની વાતે પેટ ન ભરતી,
ખાટે આળે પરને પીડા ન પાડજેરે—લાજ વધારજે.
ચોરી ચાડી ચુગલી તજજે, અદેખાઇ તજજે સુખ સજજે,
અન્ય બાળને નિજ બાળક સમપાળજેરે—લાજ વધારજે.
ઝીણાં આછાં વસ્ત્ર ન સજજે, અંગ અડકણાં વેડા તજજે,
કુળવંતી કજીયો કંકાસ નિવારજેરે—લાજ વધારજે.
સીતા દમયંતી પાંચાળી, સતીઓના ગુણુ નીત્ય સંભાળી,
દક્ષ પગલે ચાલી જગમાં જશ વિસ્તારજેરે—લાજ વધારજેરે.

વિદ્યા ભણી વિપરીત જે ચાલે, માત તાત લજવે દુઃખ સાલે,
ભણ્યું ગણ્યું બોળ્યું બદરીયે એ નારીએરે—લાજ વધારજે.
નિર્મળ સદાચાર શીલ પાળે, સુકુળા સ્ત્રી ચાલે શુભ ચાલે,
એની તું સુજશ સંસારે પામજેરે—લાજ વધારજેરે.

૮

મંગળા બેનને માતાએ કરેલો ઉપદેશ.

(ઓધવજી સંદેશો કહેજો મારા શ્યામને) રાહ.

શાણી સુતા તું શીખામણ આ ધારજે.
કરી વીચાર સમજજે રૂડી પેરજો;
સાસરીએ જવાનો સમય નજીક છે,
હર્ષ ધરીને જાવું નીજ પતિ ઘેરજો—શાણી૦
પ્રથમ જઇ તુજ શ્વસુરને શીર નામજે.
પછી વડીલ આદીને નમજે બ્હેનજો;
ઉર વિવેક ધરી હળીમળીને ચાલજે,
કટુ વચન કો કહે તો કરજે સ્નેહનજો—શાણી૦
પરમેશ્વર ગણીને પતિ નિત્યે સેવજે,
જે આજ્ઞા આપે તે કરજે કાજજો;
તે વચનો ઉલ્લંઘી કદી નવ ચાલવું,
નહિ તો લાગે કુળને મોટી લાજજો—શાણી૦
જયેષ્ઠ દિયેર સમીપે ઘટતું બોલજે,
હાસ્ય કરીને કદી નવ વદવું વચનજો;
વ્હાણું વ્હાતાં કામ કરી સહુ ગૃહ તણાં,
વળી હૃદયમાં રહેજે નિત્ય પ્રસન્નજો—શાણી૦
જો વડીલને કામ કરતાં દેખીયે,
ઝટ ઉઠીને લેવું હસ્તથી કામજો;
એમાં તો શોભા વધતી છે આપણી,
આળસ ઉરમાંથી ત્યજી દેજે તમામજો—શાણી૦

પરપુરૂષશું દૃષ્ટી માંડી ન ભાળવું,
નવ બેસીસ જ્યાં પુરૂષ તણો સમુદાયજો;
તુજ સરખી બાળા શું પ્રીત ન બાંધવી,
કયાં જે તેથી કલેશ ઘણેરા થાયજો—શાણી૰
વળી સ્ત્રી જાતીનું ભૂષણ છે આટલું,
શીયળવ્રતનો ના કરવો કદી ભંગજો;
પ્રાણ તણી હાનીથી ન ડરવું કદા,
પણ ત્યજજે તું પરપુરૂષનો સંગજો—શાણી૰
શ્વસુરપક્ષની વાત કદી નવ કીજીયે,
સુખ દુખ વેઠી રહેજે રાખી ધીરજો;
શુદ્ધ નિતિ વ્યવહારે કુશળ થવું સદા,
કઠણ વચન સુણજે થઇને ગંભીરજો—શાણી૰
જાુઠું વેણ વધાની ટેવ ન રાખવી,
નહિ તો જગમાં જાશે તહારો ભારજો;
જાુઠું બોલે સાચું પણ જાુઠું ઠરે,
કઠીન ઘણો છે બેની લોકાચારજો—શાણી૰

૯

મંગલાબેનને શિખામણ-કુવારી રહેશ કયાં લગી.

શાણીબેન સુણો તમો મંગલા, તમને કરૂં છું હું ઉપદેશ સુણો સૈ સ્નેહથી.
બેન ભાગ્ય તમારૂં અવર્ણ્ય છે જેહ મેળવવું દુર્લભ અપાર. સુણો
તેવું જ્ઞાન પ્રીતે શીખીયાં તમે અને ઉરમાંહી કરીયું આગાર, સુણો
બોધ તમને શું દેવો બેન માહરે, તોપણ ધષ્ટ થઇ કહું છું લગાર, સુણો
સત્ય વદવું મંડન તે છે મુખનું. સ્વામી સેવા તે હૈયાનો હાર, સુણો
કાને વાણી જે સુણવી ગુરૂ તણી, તે છે કર્ણનો રૂડો અલંકાર, સુણો
ગણુંજો ભૂષણ ભૂજનું તે ભામિની, દાન દીનને દેવું વારંવાર, સુણો

કષ્ટ મૂળ ચંચળતાનો કાઢજે, કરવા વર વશ ભજશો ન જંત્ર, સૂણો
જોઇ સમય ભક્તિ કરવી ભાવથી, વશી કરણનો એ મુલમંત્ર સૂણો
સુવું સ્વામીના સયન પછી સદા, વહેલું ઉઠવું સ્વામી પહેલું નત્ય સૂણો
જમ્યા પતિ જોઇ જમવું પછી, કરવી સૂર્ય કમળ જેવી પ્રીત્ય, સૂણો
નેત્ર મિંચવા અન્ય પુરૂષ જોઇ, જેમ ચંદ્રથી કમળ મિંચાય, સૂણો
પ્રાણ જાતાં ન પતિવ્રત લોપવું ઇષ્ટ સિદ્ધિ એથી ઝટ થાય, સૂણો
શીળ વીના સુવર્ણમય ભૂષણો, ગણો દેહ ઉપર જેવો ભાર, સૂણો
તેનું કારણ કહું તે ધરો મને, રત્ન કનક પૃથ્વીનો વિકાર, સૂણો
શીળ રૂપી ભૂષણ મળે સેજમાં, ન ભાગે ન ચોરથી ચોરાય, સૂણો
શુદ્ધ શીળવાળીને જાણો સર્વદા, ગંગારનાને ન કુશીલા કહેવાય, સૂણો
પાપ અપયશ થાય શીલ ભંગથી, તેથી શીળ ન ત્યજવું કદાય, સૂણો
રહે સ્વામી સેવામાં નારી સદા, તે કાન્તા ને કુલીન ગણાય, સૂણો
પીડે સ્વામીને ક્રોધ કરી પાપીણી, જળો જેવી તે જુવતિ જણાય, સૂણો
મારે રોષ કરે કે તજે જો પતિ, તોએ સ્વામી શાણીએન તજાય, સૂણો
મેઘધારા પડે તોએ માલતિ, જેમ મેઘ ઉપર રહે પ્રસન્ન સૂણો
તેમ કુલીન બેન તુજ કાળમાં, જોડી દેજે પોતાનું મન, સૂણો
સ્ત્રીના ભુષણ જેવા ગુણ જેટલાં કરો તેટલાં તુજમાં નિવાસ.
શીખે ગુણ ગણુ સ્ત્રીઓ સહુ આપથી એવા આપ હો ઇચ્છીએ ખાસ, સૂણો

૧૦

વરરાજાને મંગલાબેનના માતપિતાએ કરેલી અરજ.

(શીખ સાસુજી દેછે રે વહુજી રહો ઢંગે)

વરરાજ તમનેરે કહું છું સ્નેહ ધરી,
કેવા ગુણ તમારાંરે સમર્થ નહું આ જરી,

બોધ આપને કરવોરે દીનેશને દીપ સમો,
છતાં મુગ્ધપણાથીરે ઉચરીયે કાંઇક અમો,
આપ સરળ સ્વભાવનીરે કુલીનને વિનય ભરી,
, મુઝ પુત્રીને પરણ્યારે વિધિ યથાયોગ્ય કરી.
હવે રાખજો તે પરરે અચળ પ્રેમ અંતરનો,
પડે પાળવો પ્રીતરે હોય જો ચર ધરનો.
તો જે માતપિતાનેરે છોડી વરી હેતે વશી,
તેની ખાંત શી વદવીરે ગુણીજન પાસ કશી.
તરૂ શાખાથી શોભેરે શાખા શોભે વૃક્ષ થકી,
તેમ પુરૂષથી પ્રમદારે પ્રમદાથી પુરૂષ નકી.
સુણો આ મુઝ પુત્રીરે રત્નોવાળાં ભૂષણથી,
નથી માનથી નક્કીરે ખરૂં સુખ અંતરથી,
પણ રમણ હૃદયનોરે ખરેખરો પ્રેમ ચહે,
એથી અનુદીન ઉરમાંરે અપાર :પ્રસન્ન રહે.
મુઝ વ્હાલી આ પુત્રીરે ગુણી ઘણી દીસે ખરે,
તોએ મુગ્ધપણાથીરે કદી અપરાધ કરે.
માફી દેજો ન ત્યજશોરે, ન્યાયી જનો દોષીતને,
નીરદોષી ગણે છે રે દેખે શુદ્ધ જો ચિત્તને,
પ્રેમ અવિચલ રહેજોરે હમેશાં પરસ્પરનો,
જેને જોઇને થાયેરે અવર એવાં વધુ વરનો.

૧૧

માત–પિતા તરફથી આશીર્વાદાત્મક સવચનો.

પરણી પ્રિતે ઉઠયાં તમે બેનડી
લાગો સસરાજીને જઇ પાય જેથી સુખ થાય

સુખીઆં રહો સદાય મંગળ કરો બેનડી
પૂજ્ય પિતાજી સમાન જાણીને
બેસો સસરાજીને ઉત્સંગ, જેથી રહે રંગ—મંગળ.
વિધ વિધ લાડ લડાવીયા.
પાળી પોષી રાખીને ટેક મેં શીખવ્યો વિવેક—મંગળ
પૂજ્ય સસરાની સેવા ઉઠાવજો
રાખી હોંસ હૈયામાં હંમેશ, કરશો નહીં કલેશ—મંગળ
નણંદી નાની બેની સમ માનજો
સંપે રહેજો સર્વેની સાથ, કહે જેમ નાથ—મંગળ.
સદ્ વિદ્યા શીખ્યા તમે ખંતથી
નિત્ય વાંચજો નૌતમ ગ્રંથ, ધરી સત પંથ—મંગળ
પ્રભુરૂપ પતિને પ્રમાણજો
કરજો પ્રેમથી તેહની સેવ, જાણી તમ દેવ—મંગળ
દયા સત્ય ક્ષમા શિળ પાળજો
જેથી આ લોક સુખ પમાય, અંતે પ્રભુ સહાય—મંગળ.
બેન આળસ તનનું ટાળજો
ઉદ્યોગ થકી સુખ થાય, સંસારની માંય—મંગળ
ચોરી ચાડી જુઠાથી રહી વેગળા
જાણી ત્રણેને શત્રુ સમાન, ધરીને માન—મંગળ.
થોડું કહ્યું ઘણી કરી માનજો
જેથી મળશે સદા સુખ ચેન, મંગળા બેન—મંગળા

૧૨

સાસરીએ સીધાવતી બ્હેન અર્પું શીખ વાળીરે
પહેર પુત્રી આણી તું પ્રેમ શોભાએ તું બાળીરે ૧

લજ્જા કંકુ આડ અભંગ, કપાળે તું કરજેરે
નીતી સાડી સોહામણી અંગ ચોળી સત્ય ધરજેરે ૨
પહેર શીયળના શણગાર, માળા સ્નેહ કંઠેરે
મૃદુ, ભાષણ કંકણ હાર બાંધી ધર્મ અંગેરે ૩
પતિ પ્રભુને રાખી પ્રસન્ન, હેતે હીંચાવજેરે
તદાકાર કરીને મન જનની દીપાવજેરે ૪
કદી ક્રોધ કરે તુજ નાથ, ભરાતી ના રોષેરે
તેની સામે ભીડી જે બાથ સૌ સુખો ખોશેરે ૫
પૂજ્ય સસરો તાતની તુલ્ય, ગણી પ્રેમે પાળીરે
દીયેર દેરાણી પર રાખી હેત ઈર્ષા સહુ બાળીરે ૬
ચોરી ચાડી જુઠ ને જાર, જશે ઝટ વળગીરે
દુરવ્યસન દુર્ગુણી નાર તેથી રહેજે અળગીરે ૭
કીચ નીચનો કરતાં આસંગ છાંટા મેલા લાગેરે
અરડાશે શુસોભીત અંગ પ્રતિષ્ઠા ભાંગેરે ૮
જેવી સ્થિતિ તેવું ભોજન કરેજ ન કરીએરે
જાત મહેનતનું ખર્ચી ધન સંતોશે રહીએરે ૯
સુખ દુઃખનો હર્ષ સંતાપ વૃથા ન કરીએરે
પરનિંદા આતમખ્યાત વદી ના ફુલીએરે ૧૦
લાખ જતાં તજી સત શાખ ભલે દુઃખ પામેરે
મુખ શોભા કેરૂં નાક સંભાળજે જીવેરે ૧૧
યુવાની દીવાની સમ મહા મરતાનીરે
ભ્રષ્ટ કરે ક્ષણમાં તન થશે ધુળધાણીરે ૧૨
મોટા કેરૂં રાખ માપ થશે ગૃહ રાણીરે

સતી નારીના દ્રષ્ટાંતે વહાલી વળશેરે ૧૩
સપ્ત કુળ તારીને અંતે સ્વર્ગે પળશેરે
હઠ રોષને વહેલો વણસાડ આળસને છોડીરે ૧૪
તન ઉદ્યોગે તું લગાડ પતી પ્રિત જોડીરે
સતી ધર્મનો કરી વિચાર ચાલ્યે દુઃખ જાશેરે
સમજાવ્યો અધિકારે સાર માન્યે જય થાશેરે ૧૫

મંગલાબેનને સખીઓએ આપેલી વિદાયગિરી.

૧૩

બેની પધાર તું સાસરે
સાચાં સ્નેહને સંભારજો બેન
સદ્દગુણી સાસરે સિધારજો બેન—સાચા૦
હેતેથી હરનીશ આવજો બેન
અંતર આશીશ ઉર ધારજો બેન—સાચા૦
બેન સમાન હેત અમને કીધું છે
જ્ઞાનતણું પાન સદા સાથે લીધું છે
રૂડી આશીશ તમે પામજો બેન—સાચા૦
આવો આભાર અમે કદી ન ભુલશું
બદલો હમે તે વાળશુ બેન—સાચા૦
મંગલા બેન ખરો સ્નેહ તમારો
નિત્ય હમે તો સંભારશું બેન—સાચા૦
બેન તમો પણ હમને સંભાળજો.
છે હેત તેથી વધારજો બેન—સાચા૦
મોકલજો પત્ર પ્રેમ ધરીને

સુખ સમાચાર કહાવજો બેન—સાચા૦
તમારી પ્રીત હમોને ન વીસરે
સાસરે સંપીને ચાલજો બેન સાચા૦
ઇશ આપો અખંડ-સોભાગ્ય બેનને
પતિ સુખ તમે મહાલજો બેન—સાચા૦

૧૪

મંગલા બેનને આશીર્વાદ

મુઝ બેની હાંહાંરે મુઝ બેની હાંહાંરે મુઝ બેની થાઓ આ જગમાંય
સોહાસણ અલબેલી. મુઝ બેની હાંહાંરે મુઝ બેની
વ્હાલી બેન તમે સાસરે પધારો, ઉભય કુળની લાજ વધારો રે.
રૂપ ગુણથી તમારા ઘેરને દીપાવો, એ છે સંસારનો લાવો-સોહાસણ
પૂજ્ય સસરાજી સેવજો શાણી, જાણી વાત સમાનરે
નણંદ નાની બેન ગણીને, પીઉ પ્રભુજી સમાન-સોહાસણ
મુઝ બેની હાંહાંરે મુઝ બેની હાંહારે મુઝ થાઓ આ જગ માંહ્ય-સો. અલબેલી

૧૫

મંગલાબેને માંગેલી વિદાયગિરી

મુઝને વલાવોને પ્રેમથી પૂજ્ય માહારાં તાત
પૂજ્ય બાંધવો માંહારાં દો આશિષ મુઝ માત,
આપો રજા હું જાઉં સાસરે.
પુત્રી જન્મે ત્યાંથી પારકી એ સંસારની રીત,
મુઝ ઉપર હવે રાખજો સર્વે પૂરણ પ્રીત.
સહીઘા આપી સ્નેહથી પરણાવી રૂડે ઠામ,
અરીહંતજીના ધ્યાનથી સુખ મળશે તમામ.

મુજને ઉછેરી ઘણા લાડથી તેની હૃદયમાં છાપ
માત તાતજી માહરૂં બોલ્યું કરજો માફ.
માત તાતજી બદલો હું વાળવા નથી સમર્થ લેશ,
પ્રાર્થીશ પણ પરમેશને દેશે બદલો તે એશ.
પુજ્ય તાતજી ધીરજ ધરો શાને દીલગીર થાઓ,
શાંત થાઓ માહરાં માવડી પ્રભુના ગુણ ગાવો.
જાતાં ચરણ નવ ઉપડે મન મ્હારૂં મુઝાય,
સ્વજન પક્ષ છોડી જવું એ ન સહેલું કહેવાય.
બાળપણે મામા ગુજર્યા તે આવે છે યાદ આજ
મામા વિનાની હું ભાણુજી મામી વળાવો આજ
પિતા કાકા ફુવા મામા ભ્રાતજી ફોઇ કાકી મામી માસી બેન,
માડી મુને આશિષ દ્યો જેથી થાય સુખ ચેન
શ્વસુર સંબંધી સહુ આવીયા મુઝને તેડવા કાજ,
વચને બંધાયા છો તાતજી વલાવો હવે આજ.
શુભ થાય જેથી માહરૂં આપો આશિર્વાદ,
અખંડ જોડું રહે અમતણું સુખી રહું સર્વ સાથ.
ધર્મ સાખે પતિ એહ છે એહ મુઝ શીરતાજ,
ચક્રેશ્વરી માની સહાયથી થાશે સિદ્ધ સહું કાજ.

(૧૬)

શીખ સાસુજી દે છેરે વહુજી રહો ઢંગે.

જળ ભરવાને ચાલો રે મધુરા જળ ભરવા,
ખીલ્યુ યૌવન મહાલેરે મધુરા જળ ભરવા.

આજ અનુપમ લ્હાવો રે મીઠડલાં જળ ભરવા,
ચાલો બેનીઓ ચાલોરે મધુરાં જળ ભરવા

સાખી.

તરશે તરફડતાં ફરે, એનો બાઇ અનેક,
પાવું અમૃત તેમને, એજ ધરો મન ટેક.
ધન ધાન્ય લણવાને ચાલોરે મીઠાં ધાન્યજ લણવા,
લીલાં ક્ષેત્રમાં મ્હાલોરે ખીલ્યાં ધાન્યનાં કણ જ્યાં.
લ્યોને અનુપમ લહાવોરે મધુર યૌવન ભરમાં,
ચાલો સજનીઓ ચાલોરે મીઠાં ધાન્યજ લણવાં.

સાખી.

ભૂખ્યાં ત્રાસ તપ્યાં દીસે, મનુ બાળક ચોપાસ,
પ્રભુની હાળ દઇ કરો, તૃપ્ત તેમને ખાસ.
ફુલ વીણવાને ચાલો રે મધુરાં ફુલ વીણવા,
મીઠું યૌવન મ્હાલોરે રૂડાં ફુલડાં વીણવા.
આજ આનંદ દહાડોરે મધુરાં ફુલ વીણવા,
ચાલો સાહેલી ચાલોરે રૂડા ફુલડાં વીણવા.

સાખી.

દુ:ખ કલેશ ચિન્તા ભર્યું, જગ રડતું લાચાર,
કરો શાન્ત આશા ભર્યાં પુષ્પ તણાં ધરી હાર.
રસ સીંચવાને ચાલોરે મીઠલડો રસ સીંચવા,
યૌવન વન મ્હાલોરે અમર ફાલ્યાં ફળ જ્યાં.
માઠા ઝરણુ ઝરાવોરે લતા કુંજે લચતાં,
ચાલો સજનીઓ ચાલોરે મધુરો રસ સીંચવા.

સાખી.

સૂકી રસહીન બની રહી, હૃદયવાડી દેખાય,
વર્ષાવો અમીધાર ત્યાં, પ્રફુલ્લ રમણીય થાય
ગીત ઝીલવાને ચાલોરે મીઠલડાં ગીત ઝીલવા,
આજ યૌવન મહાલોરે પતિ પ્રભુના ગીતમાં,
રમી રાસ લ્યો લહાવોરે પ્રીતિ ભક્તિ ઉરમાં,
ચાલો બેનીઓ ચાલોરે મધુરાં ગીત ઝીલવાં

સાખી.

નન્દન સુન્દર નન્દનો, વાયે રસીલી વેણુ,
અંતર ઝીલી અમૃત ભર્યાં રેલાવો પ્રભુ કહેણુ,
જળ ભરવાને ચાલોરે મીઠડલાં જળ ભરવા,
લીલું યૌવન મહાલોરે મધુરાં અમી ભરવાં.
લ્યોને આનંદ લહાવોરે મીઠલડાં અમી ભરવા,
ચાલો સાહેલી ચાલોરે મધુરાં જળ ભરવાં.

સમાપ્ત.

છપાવી પ્રકટ કરનાર—
નાનચંદ ભાઇચંદ કાપડીયા નાણાવટ—સુરત.

છાપનાર—
ઇશ્વરલાલ કસનદાસ કાપડીયા 'જૈન વિજય' પ્રીન્ટીંગ પ્રેસ
ખપાટીઆ ચકલા—સુરત.